**<u>ડૉ. કે. આર. શાહ માધ્યમિક શાળા, ભાનેર, કઠલાલના વિદ્યાર્થીઓની મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત</u>**

ડૉ. કે. આર. શાહ માધ્યમિક શાળા, ભાનેર, કઠલાલના કુલ ૭૧ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ, શ્રી સિદ્ધરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ તા. ૦૨/૦૧/૨૦૨૪, મંગળવારના રોજ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત દરમિયાન ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક અને વડા દ્વારા વિદ્યાર્થીઓને રોજીંદા જીવનમાં વિવિધ શાકભાજીની વૃદ્ધિ અને વિકાસ ઉપયોગીતા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ કેન્દ્ર દ્વારા કરવામાં આવતી સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ અંગે માહિતી પ્રદાન કરી હતી. ત્યારબાદ, શ્રી કે. જે. વેકરીયા દ્વારા વિદ્યાર્થીઓને સંશોધન ફાર્મ ખાતે મરચા, રીંગણ, ટામેટા, શક્કરીયા, પત્તરવેલીના પાકો અને ગ્રીન હાઉસ કોમ્પલેક્ષની સાથે સાથે પ્રાકૃતિક ખેતી મોડ્યુલની પણ પ્રત્યક્ષ મુલાકાત કરાવેલ હતી.



